**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૩ ડીગ્રી
ભેજ
સવારે ૯૭ ટકા ● સાંજે ૮૭ ટકા

# વેદ સ્કૂલ "નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલ કી" ના નાદથી ગુંજી ઊઠી




ગાંધીનગર, તા.૧૭

શ્રીકૃષ્ણ જન્માષ્ટમીની ઉજવણીના ભાગરૂપે વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં જન્માષ્ટમીની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી. જેમાં સૌ કોઈ શ્રી કૃષ્ણમય બની ગયા હતા. જેમાં સૌપ્રથમ શ્લોક તથા તિલક દ્વારા ભગવાનની વિધિવત્ પૂજા કરવામાં આવી હતી. આજની એસેમ્બલીમાં પણ શ્રીકૃષ્ણ ભગવાનને અનુરૂપ શ્લોક, વાર્તા, નાટક વગેરે રાખવામાં આવેલ હતા. આ કાર્યક્રમમાં જન્માષ્ટમીના પર્વને અનુરૂપ રાધા અને કૃષ્ણ બની અને બાળકો તૈયાર થયા હતા.

શ્રી કૃષ્ણ ભગવાનની બાલ્યાવસ્થા થી યુવાવસ્થા સુધીના સુંદર મજાના ચરિત્રનું નિરૂપણ બાળકો દ્વારા ડાન્સ સાથે કરવામાં આવ્યું હતું તથા શ્રી કૃષ્ણ ભગવાનની જીવન લીલાના પ્રસંગો બાળકો દ્વારા કહેવામાં આવ્યા હતા અને શ્રી કૃષ્ણ જન્મની બધાઈ આપી હતી. ભગવાનને પ્રસાદ ધરાવ્યા બાદ આરતી કરવામાં આવી હતી.

# પર્વોની અસર : પેટ્રોલ કરતાં કંકોડા મોંઘા થયા..!

## કંકોડાનો ભાવ ૨૦૦ રૂપિયા કિલો : બજારોમાં ભારે ભીડ ઉભરાઈ : શીતળા સાતમના દિવસે કંકોડાનું શાક અને થેપલા, પુરી સૌથી વધુ ખવાતાં બજારોમાં કંકોડા ઓન ડિમાન્ડ રહયા

ગાંધીનગર, તા.૧૭

શ્રાવણ માસમાં પર્વોના કારણે બજારોમાં દરેક શાકભાજીના ભાવમાં ઉછાળો થયો છે. જેમાં રાંધણ છઠ્ઠ અને શીતળા સામત નિમિત્તે શાકભાજીના ભાવ મોંઘા બન્યા છે. રાંધણ છઠ્ઠના દિવસે શહેરના બજારોમાં ગ્રાહકોની ભીડ જોવા મળી હતી. ગૃહિણીઓ દ્વારા સૌથી વધારે કંકોડાની ખરીદી કરવામાં આવી રહી હતી. જેમાં કંકોડાનો ભાવ કમર તોડી નાંખે તેટલો બધો છે. કંકોડા ૨૦૦ રૂપિયા કિલોના ભાવે વેચાઈ રહયા છે તેમ છતાં બજારોમાં કંકોડાની ડિમાન્ડ ભરપૂર રહી હતી. રાંધણ છઠ્ઠના દિવસે કંકોડાનું શાક બનાવવામાં આવે છે અને સાતમના દિવસે શહેરીજનો કંકોડાનું શાક સાથે થેપલા પુરી ખાય છે તેથી બજારોમાં કંકોડાના ઢગલે ઢગલાં જોવા મળ્યા હતા. વેપારીઓએ પર્વના કારણે અગાઉથી કંકોડાનો માલ મંગાવી દીધો હતો અને બજારોમાં અન્ય શાકભાજીઓ કરતાં કંકોડાની સૌથી વધારે ડિમાન્ડ જોવા મળી હતી. શીતળા સાતમ નિમિત્તે મહિલાઓએ રાંધણ છઠ્ઠમાં અવનવા પકવાનો અને વ્યંજનો બનાવ્યા જેને શિતળા સાતમના દિવસે શીતળા માતાજીની પૂજા કરીને ઠંડુ ભોજન કરવામાં આવશે.



શ્રાવણ વદ સાતમના દિવસે સૌભાગ્યવતી મહિલાઓ આ વ્રત કરે છે. વ્રત કરનાર મહિલાઓ આખો દિવસ ટાઢું ખાય છે. આ દિવસે ચૂલો સળગાવવામાં આવતો નથી. ઘીનો દિવો કરીને શીતળા માતાજીની વાર્તા સાંભળવામાં આવે છે. આ વ્રત કરવાથી ધન-સંતાન અને સૌભાગ્ય પ્રાપ્ત થાય છે.

રાંધણ છઠ્ઠના કારણે ગઈકાલે શહેરના ઘરે ઘરે અવનવા પકવાનો અને વ્યંજનોની સુગંધ ફેલાઈ હતી. બજારોમાં પણ ફરસાણની દુકાનોમાં રેડીમેડ પકવાનો અને વ્યંજનોની ખરીદી જોવા મળી હતી. થેપલા, શક્કરપારા, વડા વિવિધ સ્વાદની પુરી, કાજુ કારેલાનું શાક, ઘુઘરા, લાડુ વગેરે જેવા નાસ્તાઓ અને શાકનું ધુમ વેચાણ થયું હતું. મોંઘવારી હોવા છતાં બજારોમાં ગ્રાહકોની ભીડ જોવા મળી હતી. જેમાં વેપારીઓમાં આનંદ છવાયો હતો. બે વર્ષ બાદ કોરોના કાળ પછી શહેરીજનોને શ્રાવણના દરેક પર્વની ધામધૂમથી ઉજવણી કરવાનો લહાવો મળ્યો છે તેથી નાગરિકો મોંઘવારીની વચ્ચે પણ દરેક પર્વની ઉજવણી ઉત્સાહપુર્વક કરી રહયા છે.

# ભારતનો ત્રિરંગો સંજય થોરાતના ઘર આંગણે ૨૧ વર્ષથી સન્માન પૂર્વક લહેરાવાય છે!



ગાંધીનગર તા.૧૭

આઝાદીના અમૃત મહોત્સવ પૂર્ણાહુતિ નિમિત્તે સંજય થોરાતના ઘર આંગણે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ભારતના ૭૬મા સ્વતંત્રતા દિવસની ઉજવણી સંજય થોરાતના સેક્ટર-૮ના ઘર આંગણે આમંત્રિતો, મિત્રો અને સોસાયટીના સભ્યોની હાજરીમાં ધામધૂમથી કરવામાં આવી. ભારત દેશ આજે 'હર ઘર ત્રિરંગા' સાથે હિલોળે ચઢયો છે ત્યારે આ પર્વ સંજય થોરાતના ઘર આંગણે સળંગ ૨૧ વર્ષથી ઉજવાઈ રહ્યું છે. સ્વતંત્રતા દિવસની ઉજવણી પ્રસંગે 'હર ઘર ત્રિરંગા' થીમ પર રિદ્ધિ થોરાતે સુંદર સ્વાગત માટે રંગોળી બનાવી હતી. શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સંસ્થાઓના વડા અને સંત શાસ્ત્રી રામકૃષ્ણ દાસજી સ્વામીજીના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. એમણે કહ્યું હતું કે, "સંજય થોરાતની જેમ દરેક વિસ્તારમાં ઘર આંગણે કે સોસાયટીમાં આવું ધ્વજવંદન થાય તો દેશભક્તિ છવાઈ જાય." આ પ્રસંગે ભરતભાઈ ઠાકર દ્વારા દેશભક્તિના ગીતો, પિનાકીન વ્યાસ દ્વારા ગીત અને મિલાપ ટાટારિઆ દ્વારા સ્વરક્ષણ પ્રદર્શન આયોજિત કરવામાં આવ્યું હતું.

# એવીવી ઈંગ્લીશ મીડીયમ સ્કુલમાં સ્વતંત્રતા દિવસની ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા.૧૭

વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ દ્વારા સંચાલિત એ.વી.વી. ઈંગ્લીશ મીડીયમ સ્કુલમાં સ્વતંત્રતા દિવસની ઉજવણી ૧૫ મી ઓગસ્ટ નિમિત્તે એ.વી.વી. ઈંગ્લીશ મીડીયમ સ્કુલ દ્વારા ધ્વજવંદનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં બાળકો દ્વારા આપણા ભારત દેશના નેશનલ લીડર્સ વિષય પર વક્તવ્ય આપ્યું હતું. ત્યારબાદ દેશભક્તિ ગીત તથા દેશભક્તિને અનુરૂપ કાવ્ય બાળકો દ્વારા રજુ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ડાન્સ તથા સાંસ્કૃતિક પ્રોગ્રામ કરવામાં આવેલ હતા અને ધ્વજ વંદન કરી રાષ્ટ્ર ગાન કરવામાં આવ્યું હતું.

# કામધેનુ યુનિવર્સિટી દ્વારા સ્વાતંત્ર્ય પર્વ નિમિતે ધ્વજ વંદન કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૧૭

કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા સ્વાતંત્ર્ય પર્વ નિમિતે માન. કુલપતિ ડૉ. એન. એચ.કેલાવાલાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. સ્વાતંત્ર્ય પર્વ નિમિતે યુનિવર્સિટીના માન. કુલપતિ ડૉ. એન.એચ. કેલાવાલાએ ભારત દેશને સ્વતંત્રતા અપાવવા માટે શહીદી વહોરી છે તેવા દરેક ક્રાંતિકારીઓની કુરબાની યાદ કરી હતી અને દરેક નાગરિકોએ પોતાની ફરજો સમજીને રાષ્ટ્ર વિકાસમાં સહભાગી થવા જણાવ્યું હતું. આ પ્રસંગે કામધેનુ યુનિવર્સિટી મુખ્ય મથક ખાતેના અધિકારીશ્રીઓ, કર્મચારીઓ તથા કર્મયોગી ભવનની અન્ય કચેરીઓના અધિકારીઓ અને કર્મચારીઓ ખાસ ઉપસ્થિત રહી ધ્વજવંદન કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

# રેડિયન્ટ સ્કુલમાં જન્માષ્ટમીની ઉજવણી



ગાંધીનગર, તા.૧૭

સરગાસણ સ્થિત ટીપી નં.૯ વિસ્તારમાં આવેલ રેડિયન્ટ સ્કુલમાં પૂર્વ પ્રાથમિક વિભાગમાં અભ્યાસ કરતાં નાના ભૂલકાઓ માટે જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. કેજીના શિક્ષિકા બહેનોએ કૃષ્ણનું મોટુ પોસ્ટર તૈયાર કર્યું હતું અને મટકીફોડ માટે મટકીને સુશોભિત કરી હતી. આ દિવસે પૂર્વ પ્રાથમિક વિભાગના તમામ બાળકો કૃષ્ણ અને રાધાના પરિધાનમાં તૈયાર થઈને આવ્યા હતા. સ્કુલ મેનેજમેન્ટ દ્વારા બાળકો માટે પર્વને અનુરૂપ મટકીફોડ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. તમામ બાળકોએ મટકી ફોડવાનો લહાવો લીધો હતો અને રાધા-કૃષ્ણ સંબંધિત ગીતો ઉપર ડાન્સ ટીચર અને વર્ગ શિક્ષક સાથે ડાન્સ કર્યો હતો.

# ગણેશ મહોત્સવ સમિતિ સે-૨ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન કરાશે

ગાંધીનગર, તા.૧૭

યુવક મંડળ સંચાલિત સાર્વજનિક ગણેશ ઉત્સવ સમિતિ સે-૨ તરફથી સેકટર-૨માં રહેતા અને ચાલુ વર્ષ માર્ચ-૨૦૨૨માં ધો-૧૦ અને ૧૨ના (સાયન્સ, કોમર્સ અને આટ્ર્સ) ફેકલ્ટીમાં ઉતિર્ણ થયેલ તેજસ્વી તારલાઓનું સન્માન કરાશે. ધો.૧૦ તથા ૧૨માં ૯૦ પર્સન્ટાઈલ મેળવનાર વિદ્યાર્થીઓ પૈકી પ્રથમ પાંચ વિદ્યાર્થીઓને પારિતોષિક શીલ્ડ રૂબરૂમાં ગણેશ મહોત્સવ દરમ્યાન તા.૬/૯/૨૦૨૨, મંગળવારના રોજ આપવામાં આવશે. બાકીના વિદ્યાર્થીઓને તે જ દિવસે આશ્વાસન ઈનામ આપવામાં આવશે. બે પાસપોર્ટ સાઈઝના ફોટા તેમજસે-૨ના વસાહતી હોવાનો આધાર પુરાવા સાથે તા.૨૭ ઓગસ્ટ સુધી ભાવિન પરમાર પ્લોટ નં.૭૯૪/૨, સે-૨/બી ગણેશ ચોક, ગાંધીનગરમાં જમા કરાવવાની રહેશે.

ત્યારબાદ માર્કશીટનીનકલ સ્વીકારવામાં આવશે નહીં. કોઈપણ પુછપરછ માટે મો.૯૭૭૩૪ ૬૯૪૪૬, વિક્રમ દેસાઈ મો. ૯૫૩૭૪ ૮૯૬૮૫નો સંપર્ક કરવાનો રહેશે.

# સેક્ટર-૪, ગાર્ડન ખાતે સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી



આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત અને ગાંધીનગરમાં બધાજ વર્ગોનાં એકસાથે યોગાના અનેક પ્રોગામો થાય તે હેતુસર ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ભારતનાં ૭૫માં સ્વતંત્રતા દિવસની ઉજવણી સેક્ટર-૪, ગાર્ડન ખાતે કરવામાં આવી હતી. તેમાં ગાંધીનગરનાં સર્વે ટીમ લીડર, યોગા કોચ, ટ્રેનર્સ, સાધકો તેમજ ગાંધીનગર મનપાનાં કોર્પોરેટર છાયા ત્રિવેદી, સંજય થોરત, અશ્વિન દવે, હરેશ પટેલ અને મુકેશ શુક્લ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને યોગ વિશે વક્તવ્ય પણ આપ્યું હતું. ગાંધીનગર મહાનગરપાલિકાનાં સંયોજક અને યોગ કોચ ભાવના જોશી અને આશા મહેતા દ્વારા ભાઈઓ-બહેનોને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ સાથે દરેક ભાઈઓ-બહેનોને માહિતી આપી જાગૃતી લાવવા માટેનું ઝુંબેશ હાથ ધર્યું હતું અને આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં યોગ તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બ્રહ્માકુમારી સે-૩ ખાતે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૧૭

બ્રહ્માકુમારી સેવા કેન્દ્ર દ્વારા સ્વતંત્રતા દિન નિમિત્તે ધ્વજવંદન કરીને સે-૩માં રેલીનું આયોજન કર્યું હતું. જેમાં ૫૦ જેટલા ભાઈ-બહેનોએ ભાગ લઈ દેશભક્તિ અને રાષ્ટ્રપ્રેમની ભાવના ઉજાગર કરી હતી.

# સર્વ વિદ્યાલય દ્વારા ત્રણેય કેમ્પસમાં ૧૭૦ ફૂટના ધ્વજદંડ ઉપર રાષ્ટ્રધ્વજ ફરકાવીને નવો ઈતિહાસ સજ્યો

ગાંધીનગર, તા.૧૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી, કડી સર્વ વિશ્વવિદ્યાલય અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી દ્વારા આઝાદીકા અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત કડી અને ગાંધીનગરના સેકટર-૧૫ અને સેકટર-૨૩માં સ્થિત કેમ્પસોમાં ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાતમાં સૌથી વધુ ઊંચાઈ ધરાવતા ૧૭૦ ફૂટના સ્તંભ ઉપર ૪૫ ફૂટ લંબાઈ અને ૩૦ ફૂટ પહોળાઈ ધરાવતો રાષ્ટ્રધ્વજ મંડળના ચેરમેન વલ્લભભાઈ એમ. પટેલના વરદ હસ્તે ત્રણેય પરિસરોમાં ફરકાવીને નવા ઈતિહાસનું સર્જન કર્યું છે. વલ્લભભાઈ પટેલે રાષ્ટ્ર ધ્વજને સલામી આપ્યા બાદ આઝાદીના શહીદોને અંજલિ પાઠવીને ઉપસ્થિત સર્વ વિદ્યાલય પરિવારજનોને સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે હૃદયના ઉમળકાભેર અભિનંદનની હેલી વરસાવીને રાષ્ટ્રકાજે સમર્પિત બની રહેવા અપીલ કરી હતી. વધુમાં, તેમણે રાષ્ટ્રના સ્વાતંત્ર્ય સંગ્રામમાં સર્વ વિદ્યાલયના સ્થાપનાકાળ (૧૯૧૯)થી અને સવિશેષતઃ મહાત્મા ગાંધીએ તેની મુલાકાત ૧૯૨૯માં લીધા બાદ સર્વ વિદ્યાલય આઝાદીના સંગ્રામનું એક કેન્દ્ર બની ગયું હતું. તેની યાદ અપાવીને સંસ્થાના સંસ્થાપક અને સંચાલકો પૈકી સર્વ પૂજય છગનભા, દાસકાકા, આચાર્ય પોપટલાલ પટેલ, આચાર્ય ગામી સાહેબ વગેરે અને અનેક વિદ્યાર્થીઓ પૈકી મંડળના વર્તમાન પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલના પિતા ધનાભાઈ પટેલે વિદ્યાર્થીકાળ દરમ્યાન લીધેલ સક્રિય ભાગ તથા કડવા પાટીદાર કેળવણી મંડળના વર્તમાન પ્રમુખ મનુભાઈ પટેલના ભાઈ અને સર્વ વિદ્યાલયના વિદ્યાર્થી મણિભાઈ પટેલે (ચાણસ્મા)




આઝાદીની લડાઈમાં ભાગ લેતાં શહાદત વ્હોરી હતી તેની યાદ અપાવીને તેમના પ્રતિ ઋણ સ્વીકાર કર્યો હતો.

આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રના વિકાસમાં પ્રત્યેક નાગરિકની સક્રિય ભાગીદારી માટે કરેલ હાકલને આત્મસાત કરીને વલ્લભભાઈ પટેલે સર્વ વિદ્યાલય દ્વારા શ્રેષ્ઠ શિક્ષણ થકી ઉમદા નાગરિકોના ઘડતરના કાર્યને પવિત્ર ફરજ તરીકે સ્વીકારી લઈ ક્રિયાશીલ બનવા સર્વ વિદ્યાલયના પરિવારજનોને હાકલ કરી હતી. વધુમાં તેમણે ભારે ઉત્સાહપૂર્ણ માહોલમાં આ શાનદાર અને ગૌરવશીલ પ્રસંગે કરવામાં આવેલ સાજ-સજ્જાથી પ્રભાવિત થઈ આ ઉજવણી સર્વ વિદ્યાલય તેમજ કડી- ગાંધીનગરના ઈતિહાસમાં ગૌરવવંતી ઘટના બની રહેશે તેમ જણાવ્યું હતું. આ પ્રસંગે સર્વ વિદ્યાલયના ટ્રસ્ટીઓ, દાતાઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહીને રાષ્ટ્રના સ્વાતંત્ર્યના અમૃત મહોત્સવ નિમિત્તે રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. આ સંદર્ભે નોંધવું રહ્યું કે, આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત 'હર ઘર તિરંગા' અભિયાનને સફળતા બક્ષવા કડી અને ગાંધીનગરનાં સર્વ વિદ્યાલયનાં શૈક્ષણિક કેમ્પસોમાં ફરજ બજાવતાં તમામ ૨૮૦૦ કર્મચારીઓને પોતાના નિવાસ સ્થાન ઉપર રાષ્ટ્રધ્વજ ફરકાવવા માટે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ તરફથી રાષ્ટ્રધ્વજ એનાયત કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રભક્તિના રંગે રંગાયેલ સર્વ વિદ્યાલય દ્વારા આ પૂર્વે વર્ષ ૨૦૧૯માં પણ ૫૫૧ ફૂટ લાંબા તિરંગા સાથે ઐતિહાસિક 'શૌર્ય યાત્રા' કડી અને ગાંધીનગરમાં યોજવામાં આવી હતી.

# જન્મદિને વધામણી


બીનાબા શંકરસિંહ રાણા


વંદના એચ ડોડિયા


લક્ષ્મી જોષી
લાયોનેસ ક્લબ



સેજલ બી જાદવ


વિવાન દેવાંગ ટાંક
મો. ૯૮૯૮૦ ૪૫૪૧૬


વિહાન દેવાંગ ટાંક
મો. ૯૮૯૮૦ ૯૧૫૩૪



જયેશ અંબાલાલ પરમાર


જયોતિબેન સંજયકુમાર પ્રજાપતિ
મો. ૯૯૭૯૨ ૦૨૭૪૭


ધ્રુવિન રાવલ
મો. ૮૩૨૦૮ ૬૨૫૪૭



હેનિલ તરૂણકુમાર પરમાર
મો. ૭૮૭૪૪ ૪૨૫૧૫


પરિધિ શ્રેયાંસ રાણા
મો. ૯૮૨૪૯ ૨૦૫૫૨


જિજ્ઞેશ પરમાર


રસિકભાઈ આર.ચૌહાણ
મો : ૯૩૨૭૦ ૭૮૪૪૭


પૂજાબેન એચ.પ્રજાપતિ


કર્વ ગુંજન ઠક્કર

# શુકન હાઈટ્સ સોસાયટીમાં ધ્વજવંદન કાર્યક્રમની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૧૭

આઝાદીનાં ૭૫ વર્ષ-આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે કુડાસન ખાતે શુકન હાઈટ્સ સોસાયટીના સભ્યોએ મોટી સંખ્યામાં હાજર રહીને રાષ્ટ્ર ધ્વજને સલામી આપીને ધામધૂમથી સ્વતંત્રતા દિવસ ઉજવ્યો હતો. ફલેગ માર્ચ, દેશ ખાતર શહીદોના બલિદાનને યાદ કરાવતા દેશભક્તિના ગીતો, તથા બાળકો માટે 'આપણો ભારત દેશ' વિષય પર ચિત્ર સ્પર્ધાના ઉત્સાહપૂર્વક આયોજન થકી દેશભક્તિનું વાતાવરણ ઊભું થયું હતું. સોસાયટીના તમામ સભ્યોના સહકારથી આ એક યાદગાર ઉજવણી હતી.

# ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- સ્વ.વાઘેલા મહેન્દ્રસિંહ રણજીતસિંહ ઉ.વ.૪૮, પેથાપુર
- સ્વ.વાઘેલા અમરબા પરથીજી ઉ.વ.૬૯, પીંપળજ
- સ્વ.ઠાકોર ભેમાજી બાવાજી ઉ.વ.૫૨, બાલવા, કલોલ
- સ્વ.ચૌહાણ જશુબેન બળદેવજી ઉ.વ.૬૮, લિમ્બોદ્રા, માણસા
- સ્વ.પરમાર હેતલ ગીરીશકુમાર ઉ.વ.૩૭, સેકટર-૮
- સ્વ.ભંગી ગોપાલભાઈ માલાભાઈ ઉ.વ.૪૦, વિજાપુર, મહેસાણા

**● રૂદ્રભુમિ ●**

- સ્વ.પટેલ પ્રકાશભાઈ પશાભાઈ ઉ.વ.૫૮, સેકટર-૭
- સ્વ.શાહ નીતિનકુમાર કાંતીલાલ ઉ.વ.૬૯, નવા કોબા
- સ્વ.ભેંસદડીયા મુક્તાબેન નારાયણભાઈ ઉ.વ.૮૯, કુડાસણ